ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપનાઃ૧૮૬૩
મંગળવાર ૧૭ માર્ચ, ૨૦૨૬

# આસપાસ ચોપાસ



આસપાસનાં પ્રદેશની સિધ્ધિ અને સમસ્યાની વાત...!


## મહી નદી અને ત્રણ ખાડી વચ્ચેનુ બેટ બનેલું ગામ

# ગોરવા

## ગોરવા: ગૌતમ ઋષિની તપોભૂમિથી આધુનિક નગરી સુધીની સફર ધરાવતું ગૌરવવંતુ ગામ

ગુજરાતની જીવાદોરી સમાન મહી નદીનો કિનારો સદીઓથી ઋષિ-મુનિઓ માટે આસ્થા અને તપસ્યાનું કેન્દ્ર રહ્યો છે. આશરે પાંચસો કરતાં વધુ વર્ષ અગાઉ મહીના પવિત્ર તટ પર અનેક જ્ઞાની મહાત્માઓ વિચરણ કરતા હતા. આ ઋષિઓના સમૂહમાંથી એક ગૌતમ ઋષિએ ભ્રમણ કરતાં-કરતાં મહી કિનારાના એક શાંત અને રળિયામણા સ્થળ પર આવી પહોંચ્યા હતા. પ્રકૃતિની ગોદમાં વસેલા આ સ્થળની પવિત્રતા જોઈને તેમણે અહીં જ સ્થાયી વસવાટ કરવાનો નિર્ણય લીધો. તેમણે અહીં પોતાનો આશ્રમ સ્થાપ્યો, જે 'ગૌતમ ઋષિ આશ્રમ' તરીકે ખ્યાતિ પામ્યો હતો. જોકે કાળક્રમે લોકબોલીમાં પરિવર્તન આવતા 'ગૌતમ ઋષિ' શબ્દનું અપભ્રંશ થઈને તે 'ગોરવા' તરીકે ઓળખાવા લાગ્યું છે. આમ, આજના ધમધમતા ગોરવા વિસ્તારના પાયામાં એક મહાન ઋષિનું તપ જોડાયેલું છે.

શરૂઆતમાં આ ઋષિ આશ્રમની આસપાસ કેટલાક લોકોએ રહેવાનું શરૂ કર્યું. સમયના વહેણ સાથે અનેક ભૌગોલિક કે સામાજિક પરિવર્તનો આવ્યા. ઇતિહાસ સાક્ષી છે કે કેટલાક લોકો અહીં કાયમી સ્થાયી થયા, તો કેટલાક લોકો સ્થળાંતર કર્યા બાદ ફરીથી આ પવિત્ર ભૂમિની માયા છોડી ન શક્યા અને પુનઃ વસવાટ કર્યો. આ જનજાતિ અને ભક્તોના સમૂહથી જે વસાહત રચાઈ, તે આજે 'ગોરવા ગામ' તરીકે પ્રચલિત છે.ગોરવા પૌરાણિક છે .તેના પૂરાવા આજે પણ મળી આવે છે. જ્યારે પણ ગામમાં કોઈ ઉંડુ ખોદકામ કરવામાં આવે છે, ત્યારે પ્રાચીન નગરના અવશેષો, જૂની ઈંટો કે માટીના વાસણો મળી આવે છે. ગોરવા એ માત્ર આણંદ જિલ્લાના બોરસદનું એક ગામ નથી, પણ મહી કિનારે વિકસેલી એક એવી સંસ્કૃતિ છે જેનું મૂળ ગૌતમ ઋષિના આશીર્વાદમાં છે. જમીનમાંથી મળતા અવશેષો સાબિતી આપે છે ધરતી નીચે એક ભવ્ય ભૂતકાળ ધરબાયેલો છે.




## પૌરાણિક ધામ : કસન માતાજી મંદિર શ્રદ્ધા, ભક્તિ અને લોકઆસ્થાનું અનોખું ધાર્મિક સ્થાન

આણંદ જિલ્લાના બોરસદ તાલુકાના ગોરવા ગામ નજીક આવેલું કસન માતાજીનું પૌરાણિક ધામ સમગ્ર પંથકમાં શ્રદ્ધા અને ભક્તિનું પવિત્ર કેન્દ્ર ગણાય છે. વર્ષો જૂની લોકઆસ્થા અને આધ્યાત્મિક ભાવનાથી જોડાયેલું આ મંદિર આજ પણ હજારો શ્રદ્ધાળુઓ માટે આશાનો આધાર બની રહ્યું છે. આસપાસના ગામો ઉપરાંત દૂર દૂરથી લોકો અહીં આવી માતાજીના દર્શન કરીને પોતાની મનોકામનાઓ પૂર્ણ થવાની પ્રાર્થના કરે છે.

ભક્તોની માન્યતા મુજબ માતાજીના આશીર્વાદથી અનેક ભક્તોની ઈચ્છાઓ પૂર્ણ થાય છે. તેથી જ લોકો પોતાના મનમાં કરેલી માનતા પૂર્ણ કરવા ફરીથી આ પવિત્ર ધામે આવી માતાજીને નમન કરે છે. મંદિર પરિસરમાં દિવસભર ભક્તિભાવનું વાતાવરણ જોવા મળે છે અને શ્રદ્ધાળુઓ માતાજીના દર્શન કરીને આત્મિક શાંતિનો અનુભવ કરે છે. પાંચસોથી વધુ વર્ષોથી જીવંત રહેલી લોકઆસ્થા સ્થાનિક લોકમાન્યતા મુજબ કસન માતાજીનું આ ધામ આશરે પાંચસોથી વધુ વર્ષ જૂનું છે. કહેવાય છે કે પ્રાચીન સમયમાં એક બ્રાહ્મણની દીકરી કસન સતી થઈ હતી અને ત્યારથી ગામના લોકો તેને સતી માતા તરીકે પૂજવા લાગ્યા.

સમય જતા આ લોકઆસ્થા વધુ મજબૂત બનતી ગઈ અને આજ સુધી કસન માતાજી પ્રત્યેની ભક્તિ અડગ રહી છે. અનેક પેઢીઓથી લોકો માતાજીને પોતાની કુળદેવી સમજીને પૂજા કરે છે. ગામના વડીલો જણાવે છે કે વર્ષોથી અહીં ભક્તો પોતાની મુશ્કેલીઓ અને ઈચ્છાઓ લઈને આવે છે અને માતાજીના આશીર્વાદથી તેમના જીવનમાં સુખ અને સમૃદ્ધિ આવે છે. આ કારણસર કસન માતાજીનું ધામ સમગ્ર વિસ્તારના લોકો માટે ખૂબ પવિત્ર અને માનનીય સ્થાન બની ગયું છે.

### અનોખી પરંપરા : પ્રસાદમાં રોટલો, ઘી અને ગોળ



કસન માતાજીના આ પવિત્ર ધામની એક વિશેષતા એવી છે કે અહીં પ્રસાદ તરીકે માત્ર રોટલો, ઘી અને ગોળ જ ધરાવવામાં આવે છે. સમગ્ર પંથકમાં આ એકમાત્ર એવું મંદિર ગણાય છે જ્યાં આ પરંપરા વર્ષોથી અવિરત ચાલુ છે. ભક્તો પોતાના ઘરે તૈયાર કરેલો રોટલો, શુદ્ધ ઘી અને ગોળ લઈને માતાજીને અર્પણ કરે છે. આ પ્રસાદ ભક્તિભાવ અને સાદગીનું પ્રતિક માનવામાં આવે છે. આ અનોખી પરંપરાના કારણે મંદિરની ઓળખ વધુ વિશિષ્ટ બની છે. ઘણા ભક્તો ખાસ કરીને આ પરંપરા વિશે સાંભળીને અહીં દર્શન કરવા આવે છે. પ્રસાદ ધરાવ્યા પછી ભક્તો માતાજીને પ્રાર્થના કરે છે અને પોતાના પરિવારના સુખ, સમૃદ્ધિ અને આરોગ્ય માટે આશીર્વાદ માંગે છે. ગોરવા ગામ નજીકથી પસાર થતી ખાડી નજીક કસન માતાજીનું ભવ્ય ત્રણ માળનું મંદિર આવેલું છે. મંદિરની રચના ભવ્ય અને આકર્ષક છે જે ભક્તોને દૂરથી જ આકર્ષિત કરે છે. હાલમાં મંદિરના બે માળ સુધી ભક્તો દર્શન માટે આવે છે. અહીં રોજિંદા અનેક ભક્તો માતાજીના દર્શન કરવા આવે છે. ખાસ કરીને રજાના દિવસો, તહેવારો અને ધાર્મિક પ્રસંગો દરમિયાન અહીં ભક્તોની મોટી ભીડ જોવા મળે છે. મંદિરના પરિસરમાં પ્રવેશતા જ ભક્તોને આધ્યાત્મિક શાંતિ અને ભક્તિભાવનો અનુભવ થાય છે. મંદિરનું વાતાવરણ શાંત, પવિત્ર અને આધ્યાત્મિક ઊર્જાથી ભરપૂર લાગે છે.

### ભવિષ્યમાં આધુનિક સુવિધાઓનું આયોજન


કસન માતાજીના મંદિરના વિશાળ પરિસરમાં ભવિષ્યમાં અનેક નવી સુવિધાઓ ઉભી કરવામાં આવે તેવું આયોજન મંદિર ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યું છે. આ આયોજન હેઠળ અહીં અદ્યતન વિસામો (ધર્મશાળા), અન્નક્ષેત્ર, સુંદર બગીચો અને ભક્તો માટે જરૂરી અન્ય સગવડો ઉભી કરવામાં આવશે. આ સુવિધાઓ ઉભી થવાથી દૂર દૂરથી આવનાર શ્રદ્ધાળુઓને વધુ સુવિધા મળશે અને તેઓ અહીં આરામથી સમય વિતાવી શકશે. મંદિર ટ્રસ્ટનો પ્રયાસ છે કે કસન માતાજીનું આ પવિત્ર ધામ ભક્તો માટે વધુ સુવિધાસભર અને આકર્ષક ધાર્મિક કેન્દ્ર બને. અહીં આવનાર દરેક ભક્ત માતાજીના દર્શન કરીને આત્મિક શાંતિ અને આનંદનો અનુભવ કરે છે. કસન માતાજીના આશીર્વાદથી ભક્તોના જીવનમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ આવે તેવી દરેક શ્રદ્ધાળુ પ્રાર્થના કરે છે.

### ભક્તો અને ગ્રામજનોના સહકારથી મંદિર અને સમગ્ર વિસ્તારનો વિકાસ

કસન માતાજીના મંદિરના નિર્માણ અને વિકાસમાં સ્થાનિક ગ્રામજનો, શ્રદ્ધાળુઓ અને દાતાઓનો મહત્વપૂર્ણ ફાળો રહ્યો છે. ભક્તો પોતાની શ્રદ્ધા મુજબ મંદિરના સેવાકીય કાર્યોમાં દાન અને સહયોગ આપે છે. મંદિરના ટ્રસ્ટ દ્વારા પણ ભક્તોને વધુ સુવિધાઓ મળે તે માટે વિવિધ વિકાસકાર્યો હાથ ધરવામાં આવે છે. ભક્તોની ઉદારતા અને સહકારના કારણે મંદિરનું સ્વરૂપ આજે વધુ ભવ્ય અને સુવ્યવસ્થિત બન્યું છે. ગામના લોકો પણ મંદિરની સેવા અને સંચાલનમાં સક્રિય રીતે ભાગ લે છે. આ સહકાર અને સમર્પણના કારણે મંદિર દિનપ્રતિદિન વિકાસ તરફ આગળ વધી રહ્યું છે.સમય સાથે મંદિરનો વિકાસ થતો જાય છે અને ભક્તોની સંખ્યા પણ વધતી જાય છે. આથી કહી શકાય કે કસન માતાજીનું આ પવિત્ર ધામ ભવિષ્યમાં સમગ્ર વિસ્તારમાં વધુ પ્રખ્યાત ધાર્મિક સ્થાન બનશે.

## સ્વાતંત્ર્ય સંગ્રામમાં ગોરવા ગામના સેનાનીઓની અગ્રેસર ભૂમિકા રહી હતી





૧૯૩૦-૩૨ની દેશવ્યાપી ચળવળ વખતે આ ગામે નોંધપાત્ર ફાળો આપેલો છે. આખા ગામે મહેસુલ ભરેલુ નહી . આ ગામમાં વસવાટ કરતા લોકો લોકો મહાત્મા ગાંધીજી, સરદાર પટેલ સહિત સ્વાતંત્ર્ય ચળવળકારોના કાર્યોથી પ્રભાવિત રહેલ છે. ગોરવા ગામ ગાયકવાડ શાસન હેઠળ આવતું ગામ ગણાતું હતું. દેશની આઝાદીની ચળવળ દરમ્યાન નાનકડા ગામ ગોરવા ગામના સેનાનીઓ પણ રાષ્ટ્ર ભાવનાના રંગમાં રંગાઈને આઝાદીની ચળવળમાં ખુબ ઉત્સાહ સાથે જોડાયા હતા. દેશ આઝાદ થયા બાદ આ સ્વાતંત્ર્ય સેનાનીઓનું કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા પુરસ્કાર મેડલ અને પ્રમાણપત્રો આપી જાહેર સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ આઝાદીની ચળવળ દરમ્યાન રાષ્ટ્ર ભાવનાને બિરદાવવામાં આવી હતી. ગોરવા ગામના સ્વાતંત્ર્ય સેનાની તરીકે બકોરભાઈ ગેમાનભાઈ ડાભી, ફૂલાભાઈ જેણાભાઈ સોલંકી અને ખોડાભાઇ ઝવેરભાઈ સોલંકીને સ્વાતંત્ર્ય ચળવળના યોગદાન બદલ સન્માનિત કરવામાં આવ્યા છે.

## અમીધારા આશ્રમ ગોરવા ભક્તિ, ભોજન અને ભજનનો અનોખો ત્રિવેણી સંગમ

બોરસદ તાલુકાના ગોરવા ગામના ફતેપુરા વિસ્તારમાં આવેલું 'અમીધારા આશ્રમ - સિદ્ધેશ્વર હનુમાનજી મંદિર' પાંચ દાયકાથી અતૂટ શ્રદ્ધા અને સેવાનું પ્રતીક બની રહ્યું છે. આ આશ્રમની સ્થાપના પૂજ્ય હરીહર બાપુ દ્વારા કરવામાં આવી હતી. તેમણે ભક્તિમય વાતાવરણમાં અહીં હનુમાનજીની દિવ્ય મૂર્તિની સ્થાપના કરી, જે આજે હજારો ભક્તો માટે આસ્થાનું કેન્દ્ર છે. બાપુના આશીર્વાદ અને તેમના દ્વારા રોપાયેલા સંસ્કારો આજે પણ અહીંના વાતાવરણમાં અનુભવી શકાય છે. આ મંદિરની સૌથી મોટી વિશેષતા અહીંની ભોજન સેવા છે. છેલ્લા ૫૦ વર્ષથી (પાંચ દાયકા) અહીં દર શનિવારે અવિરત પણે ભંડારાની પરંપરા ચાલી આવે છે. શનિવારે દર્શનાર્થે આવતા દરેક ભક્ત માટે પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવે છે. શ્રદ્ધાળુઓ માને છે કે અહીંનો પ્રસાદ લેવાથી હનુમાનજીની વિશેષ કૃપા પ્રાપ્ત થાય છે. મંદિરમાં વર્ષ દરમિયાન અનેક ધાર્મિક પ્રસંગોની ધામધૂમથી ઉજવણી કરવામાં આવે છે. હનુમાન જયંતીઃ આ દિવસે ભવ્ય શોભાયાત્રા અને વિશેષ પૂજા-અર્ચના થાય છે. ગુરુ પૂર્ણિમાઃ પૂજ્ય હરીહર બાપુ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે શિષ્યો મોટી સંખ્યામાં ઉમટી પડે છે. રામનવમીઃ પ્રભુ શ્રી રામના જન્મોત્સવ નિમિત્તે વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાય છે. અમીધારા આશ્રમ આજે ભક્તિ, ભોજન અને ભજનનો અનોખો ત્રિવેણી સંગમ બની ચૂક્યો છે.



## ગોરવા ટાઉન ટોક

### -: ગોરવા ગામનો પરિચય :-

| | |
|---|---|
| ગામના કુંટુંબોની કુલ સંખ્યા | 539 |
| કુલ વસ્તી | 2301 |
| કુલ પુરૂષો | 1243 |
| કુલ સ્ત્રીઓ | 1058 |

### -: સાક્ષરતા દર :-

| | |
|---|---|
| કુલ સાક્ષરતા દર | 74.89 |
| પુરૂષ સાક્ષરતા દર | 89.78 |
| સ્ત્રી સાક્ષરતા દર | 56.92 |

### -: ખેડૂતો :-

| | |
|---|---|
| ખેડૂતો | 429 |
| ખેત મજૂર | 328 |
| સીમાંત વર્ગ | 61 |

### -: બીપીએલ :-

| | |
|---|---|
| બીપીએલ કુટુંબ (0 થી 16) | 168 |
| બીપીએલ કુટુંબ (17 થી 20) | 384 |

### -: પશુધન :-

| | |
|---|---|
| પશુધન | 1019 |
| ગાય | 127 |
| ભેંસ | 882 |
| અન્ય | 10 |

### -: જમીન ક્ષેત્રફળ :-

444 હેક્ટર 81 આરે 18 ચો. મી.
કાયમી ગૌચર અને ચરણ 64 હેક્ટર 50 આરે 72 ચો.મી.

### -: ખેતીપાક :-

1. ડાંગર 2. તમાકુ
3. બાજરી 4. વિવિધ શાકભાજી

### -: શૈક્ષણિક સગવડ :-

| | |
|---|---|
| પ્રાથમિક શાળા | 02 |
| માધ્યમિક શાળા | 00 |
| ઉચ્ચ.માધ્ય. શાળા | 00 |
| વિદ્યાર્થીઓ | 256 |

### -: પીવાના પાણીની સવલત :-

| | |
|---|---|
| ઘરે ઘરે નળ કનેક્શનની સંખ્યા | 530 |

### -: વીજળીકરણ :-

| | |
|---|---|
| રહેણાંક વીજ જોડાણ | 879 |
| ઔદ્યોગિક વિષયક જોડાણ | 10 |
| ખેતી વિષયક જોડાણ | 53 |

### -: એલપીજી ગેસ વ્યવસ્થા :-

| | |
|---|---|
| એલપીજી ગેસ ધારકો | 173 |

### -: સામાજિક સુરક્ષાની વિગતો :-

| | |
|---|---|
| NFSA કાર્ડ ધારકો | 426 |
| BPL કાર્ડ ધારકો | 198 |
| અંત્યોદય કાર્ડ ધારકો | 43 |

### -: રસ્તાની સુવિધા :-

મેટલ રોડ, ડામર રોડ, અને સીમેન્ટ રોડ

### -: યોજનાકીય લાભાર્થીઓ :-

| | |
|---|---|
| વૃદ્ધા પેન્શન | 59 |
| વિધવા સહાય | 148 |
| આર્થિક લાભ મેળવેલ અપંગ વ્યક્તિો | 05 |